Rotary

# ROYAL RESONANCE

THE MAGIC OF ROTARY

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

Club No. 82068 | RI District 3060 ▪ Issue No. 11 | May : 2025

- **Rtn. Stephanie A. Urchick** Rotary International President
- **Rtn. Tushar Shah** District Governor
- **Rtn. Harikrishna Parekh** President
- **Rtn. Viral Bhavsar** Secretary
- **Rtn. Nirav Doshi** Bulletin Editor
- **Rtn. Gaurav Rathod** Design


## મેગા બ્લડ ડોનેશન કેમ્પ




મિત્રો, રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ અને ભાવનગર હોટેલ અને રેસ્ટોરન્ટ એશોશિયેશન ના સંયુક્ત ઉપક્રમે તા -૧૧ મે ને રવીવાર ના રોજ પહેલગામ માં થયેલા આતંકી હુમલામાં થયેલા શહીદો ને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના ઉમદા હેતુ સાથે આવનારા ભારત અને પાકિસ્તાન ના યુદ્ધ ની પરિસ્થિતિ માં ભારતીય સેના ના જવાનો માટે ઉપયોગી થવાના હેતુ થી તા -૧૧ મે ને રવીવાર ના રોજ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પ શહેર ના હાર્દ સમા honest restaurant ના પરિસર માં યોજવામાં આવ્યો હતો જેમાં રેકોર્ડ બ્રેક કુલ 301 બોટલ બ્લડ એકત્રિત કરવા આવ્યું હતું. પ્રોજેકટ ચેર રો. ગૌરવ ભાઈ તથા સમગ્ર કેમ્પ ના સહયોગી રો. કૃષ્ણદેવ સિંહ સરવૈયા અને પ્રેસિડેન્ટ રો. હરિભાઈ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ ની અથાગ મહેનત થી આપણે કુલ 301 બોટલ બ્લડ એકત્રિત કરી શક્યા હતા. સમગ્ર બ્લડ ડોનેશન કેમ્પ ના આર્થીક સહયોગી આપણા ક્લબ મેમ્બર રો. કૃષ્ણદેવ સિંહ સરવૈયા ( K.K) હતા જેનાથી આ સેવા કાર્ય સંપન્ન થઇ શક્યું હતું. અંત માં પ્રેસિડેન્ટ રો. હરી ભાઈ એ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ એ ભાવનગર ની જનતા, તમામ ક્લબ મેમ્બર્સ, કેમ્પ ના સહયોગી રો. કૃષ્ણદેવ સિંહ, તથા પ્રોજેકટ ચેર રો. ગૌરવ ભાઈ , તથા તમામ બ્લડ બેંક , તથા કેમ્પ ને સફળ બનવા માં જેમનો પણ સહયોગ મળ્યો હતો તે સર્વે નો આભાર વ્યક્ત કર્યો હતો.


BEST EDUCATIONAL INSTITUTES OF BHAVNAGAR

GyanGURU VIDHYAPITH — જ્ઞાનગુરુ વિદ્યાપીઠ — કાળીયાબીડ • 6351210821

SHREE GyanGURU VIDHYAPITH — શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ — કાળીયાબીડ • 9978202192

MgT Quality education — મનહર ગ્રુપ ટ્યુશન — કાળીયાબીડ • 2562192

MgT - GyanGURU Education Hub
Helpline No 9978202192
Nursery to Std. 1 to 12 (Sci. / Com. / Arts)
Gujarati / English Medium

GLOBAL KIDZ Preschool — Kalvibid • 9978202192

THE GLOBAL GyanGURU SCHOOL — Kalvibid • 2571071

MgT Quality education — મનહર ગ્રુપ ટ્યુશન — ઘોઘાસર્કલ • 9173956219



Adderess for Correspondance : Rtn. Vivek Shah, 118, Sagar Complex, Jashonath Chowk, Bhavnagar.
Phone : 9825 46 6969 ▪ We meet every Wednesday at Honest Restaurant, Waghawadi Road, Bhavnagar.

# રોટરી રોયલ પુસ્તક દાન અભિયાન




રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ તથા રોટ્રેક્ટ ક્લબ ઓફ ભાવનગર રોયલ અને ઇન્ટ્રેક્ટ ક્લબ ઓફ ભાવનગર રોયલ ના સહયોગ થી મે મહીના માં આપણે એક પુસ્તક દાન અભિયાન ની અનોખી પહેલ શરૂ કરી છે. આ પુસ્તક દાન અભિયાન અંતર્ગત ધો - ૧ થી ૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓ પાસે થી પુસ્તકો ને પસ્તી માં આપવાની બદલે એકત્રિત કરીને આર્થીક અને શેક્ષણિક રીતે જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ સુધી અભ્યાસ માં ઉપયોગી જરૂરી પુસ્તકો પોહચડવાનું અનોખું અને ઉમદા સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. શહેર ની વિવિધ શાળા ઓ ના વિદ્યાર્થીઓ પાસે થી આપણી ક્લબ ના રોટ્રેક્ટરો અને ઇન્ટ્રેક્ટરો અભ્યાસ ના પુસ્તકો આપણા ક્લિનિક પર એકત્રિત કરે છે અને આવનારા શૈક્ષણીક વર્ષ માં આવતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ ને પુસ્તકો પૂરા પડે છે . અભ્યાસ બાબતે ખુબ જ સજાગ એવા આપણા ક્લબ પ્રેસિડેન્ટ રો. હરી ભાઈ વ્યક્તિગત રીતે રાસ લઈ આ નવા અને કાયમી પ્રોજેકટ ને સફળ બનાવવા ખુબ જ પ્રયત્ન શીલ છે. આ પ્રોજેકટ ને ખરા અર્થ માં સાર્થક કરવા આપણી ક્લબ ના વિવિધ શાળા સંચાલકો નો પણ ખુબ સરસ સહયોગ પ્રાપ્ત થયો છે.

# સ્પીકર મિટિંગ



સ્પીકર મિટિંગતા - ૦૭/૦૫/૨૫ , બુધવાર. સ્થળઃ - હોનેસ્ટ રેસ્ટોરન્ટ ભાવનગર વિષય - રોડ સેફ્ટી સેમીનારવક્તા - ડો. અજયભાઈ જાડેજા તથા ટ્રાફિક પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પટેલ સાહેબ. મિત્રો, સ્પીકર મિટિંગ અંતર્ગત મે મહીના માં રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા એક અલગ જ વિષય પર ખુબ જ રસપ્રદ સ્પીકર મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. રોજ બરોજ ના વધતા જતાં અકસ્માતો ને ધ્યાન માં લઇ વાહન ચલાવતી વખતે કઈ રીતે વધુ સેફ્ટી સાથે વાહન ચલાવી શકાય તેને અંતર્ગત રોડ સેફ્ટી સેમીનાર વિષય પર ટ્રાફિક ટ્રેનર ડો. અજય ભાઈ જાડેજા એ અને ટ્રાફિક પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પટેલ સાહેબ એ ઉમદા વક્તવ્ય આપ્યું હતું. આ સેમીનાર માં મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ હાજર રહ્યા હતા અને વક્તવ્ય બાદ પ્રશ્નોતરી પણ યોજાઈ હતી.

## ચિત્ર - નિબંધ સ્પર્ધા



આઝાદી કા અમૃત મહોત્સવ થીમ આધારિત રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ તથા ભાવનગર રેલવે વિભાગ અને રેનેશા સ્કૂલ ના સંયુક્ત ઉપક્રમે ભાવનગર માં ચિત્ર અને નિબંધ સ્પર્ધા નું તા ૧૭ /૦૫ ને રવીવાર ના રોજ અનોખું અયોજન પ્રથમ વખત કરવામાં આવ્યું હતું. આ ચિત્ર - નિબંધ સ્પર્ધા માં મોટી સંખ્યામાં બાળકો એ ભાગ લીધો હતો અને પ્રોજેકટ ને ખુબ જ સારી પબ્લીક ઈમેજ મળી હતી. સ્પર્ધાના અંતે વિજેતા ઓ ને વિવિધ એવોર્ડ અને ગીફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્રોજેકટ ને સફળ બનાવવા માટે ક્લબ મેમ્બર રો. ચંદ્રસિંહ એ ભારે જહેમત ઊઠાવી હતી અને સમગ્ર અયોજન ને સફળ બનાવ્યું હતું. આ ચિત્ર - નિબંધ સ્પર્ધા માં મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ હાજર રહ્યા હતાં.




## ડીસ્ટ્રીકટ એવોર્ડ સેરીમની - "શાબાશીયા"

મિત્રો, ચાલુ રોટરી વર્ષ ની dist ૩૦૬૦ ની એવોર્ડ સેરીમની નું આગામી ૨૯ જૂન ને રવીવાર ના રોજ રાજકોટ ખાતે અયોજન કરવામાં આવ્યું છે તો સર્વે ક્લબ મેમ્બર્સ ને સત્વરે રજિસ્ટ્રેશન કરાવી એવોર્ડ સેરીમની માં પધારવા માટે હાર્દિક આમંત્રણ છે. રજિસ્ટ્રેશન માટે આપ પ્રેસિડેન્ટ અથવા સેક્રેટરી નો સંપર્ક કરી શકો છો.

## અભિવાદન - સન્માન

મિત્રો , રોટરી ઇન્ટરનેશનલ દ્વારા આપણી ક્લબ ના મેમ્બર રો. વિવેક ભાઈ શાહ નું " સર્વીસ અબોવ સેલ્ફ - મેમ્બરશીપ એવોર્ડ " થી સન્માન કરવામાં આવશે. કેનેડા ખાતે યોજાનારા રોટરી ઇન્ટરનેશનલ ના વાર્ષીક સમારોહ માં રો. વિવેકભાઈ ને આવવા માટે નું વિશેષ આમંત્રણ મળેલ છે, જ્યાં રો. વિવેક ભાઈ ને આ વિશેષ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવશે. રો. વિવેકભાઈ એ આ સાથે આપણી ક્લબ તેમજ સમગ્ર ભાવનગર નું ગૌરવ વધારેલ છે. રો. વિવેક ભાઈ ને ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ .

## 52 મી સુદામા ની ઝોળી

રોટરી કલબ ઓફ ભાવનગર રોયલનો કાયમી પ્રોજેકટ સુદામા ની ઝોળી અંતર્ગત સેવા ની સરવાણી સ્વરૂપે 31 પરિવાર ને આશરે રુ.700 ની કિંમતની કિટ (માસિક ખાદ્ય સામગ્રી) નું વિતરણતા. 18/05/25 ને રવિવારે બપોરે 12 કલાકે ,રોટરી રોયલ ક્લિનિક, સરદાર નગર, ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું.આ મંથલી કીટ ના તમામ સહયોગીઓ નો રોટરી રોયલ આભાર વ્યક્ત કરે છે

